અપીલ અરજી નં.૨૦૨ તા.૪–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***હુકમઃ–***

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૮–૮–૦૮ અરજીથી આ.કમિશ્નરશ્રીને વિગતવાર અરજી તા.૨૪–૭–૦૮ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે શું તપાસ કરવામાં આવી રહી છે. જયારે કોટેજ ઉદ્યોગમાં કેમીકલ્સ વપરાશનો ઉલ્લેખ નથી અને સુ.મ.પાલીકા કેમીકલ્સ વપરાશ/સંગ્રહ કરવાની પરવાનગી આપતી નથી તો પછી ગેરકાયદેસર રીતે કેમીકલ્સ વપરાશ કરે તો કારખાના બંધ કરવાની જવાબદારી સુ.મ.પાલીકાની હોય તો તાકીદે બંધ કરાવવા ૨૪–૭–૦૮ ની અરજી મુજબ માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૨/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૮–૮–૦૮ અરજીથી આ.કમિશ્નરશ્રીને વિગતવાર અરજી તા.૨૪–૭–૦૮ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે શું તપાસ કરવામાં આવી રહી છે. જયારે કોટેજ ઉદ્યોગમાં કેમીકલ્સ વપરાશનો ઉલ્લેખ નથી અને સુ.મ.પાલીકા કેમીકલ્સ વપરાશ/સંગ્રહ કરવાની પરવાનગી આપતી નથી તો પછી ગેરકાયદેસર રીતે કેમીકલ્સ વપરાશ કરે તો કારખાના બંધ કરવાની જવાબદારી સુ.મ.પાલીકાની હોય તો તાકીદે બંધ કરાવવા ૨૪–૭–૦૮ ની અરજી મુજબ માહિતી આપવા બાબતે આપેલ માહિતી ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૯ તા.૧૫–૧૦–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ સે.ઝોન/આ.નં.૯૦૧ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારે મુળ અરજીમાં તા.૨૪–૮–૦૮ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી જે અંગે અરજદારને આરટીઆઈ/સે.ઝોન/આ.નં.૭૩૫ તા.૨૨–૯–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં જરી એકમોમાં ફકત જવલનશીલોના સંગ્રહ/વપરાશ માટે પરવાનો આપવામાં આવે છે એવું જણાવે છે તથા થયેલ કાર્યવાહી અંગે ૪/૩૬૦,૩૦૭,૨૮૪ વાળી મિલ્કતમાં સ્થળ તપાસ કરી લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે. જયારે ૪/૨૯૪ અને ૨૯૬ લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ ન હોવાથી તેઓ સામે મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.વધુમાં કેમીકલ વપરાશ/સંગ્રહ કરવાની પરવાનગી તથા કારખાના બંધ કરાવવા બાબતે પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતીમાં નિર્દિષ્ટ કેમીકલની સંગ્રહ વપરાશની પરવાનગી આપવાની જોગવાઈ તથા ઉપયોગ બાબતે જણાવેલ છે. જયારે કારખાના બાબતે પરવાનગીની સત્તા તેઓ કક્ષાએ ન હોવાની માહિતી પણ આપેલ છે આ રીતે અરજદારને થયેલી કાર્યવાહીની જાણ કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા. ૨૮–૮–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે આથી માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારે અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે ફરીયાદ નિકાલ બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,